# બાંધકામ વિભાગ

ટેન્ડર નંબરઃ– .

# બાંધકામ વિભાગ

# પર્સન્ટેજ રેઈટ ટેન્ડર

કામનું કામ. :- ભાવનગર શહેરમાં વડવા વોશિંગઘાટ ખાતે રેઈન બસેરા નાઈટ શેલ્ટરની બાજુમાં સ્માર્ટ આંગણવાડી બનાવવાનું કામ

## શરતો

૧) ટેન્ડરમાં જણાવેલી આઈટમ સિવાય બીજી આઈટમ કરવી પડે તો આનાકાની વગર કરી આપવુ મારે કબુલ છે. અને તેના ભાવ શ્રી કમિશ્નર સાહેબ ઠરાવે તે લેવા મારે કબુલ મંજુર છે.

૨) સદરહુ કામ લેટર ઓફ એસેપ્ટેન્સ ( L.O.A. ) મળ્યા **<u>તારીખ થી ૯–(નવ) માસની મુદત</u>** <u>માં કામ પૂર્ણ કરી આપવા</u> બંધાઉ છું.

૩) સદરહુ કામના ટેન્ડર ની શરતો તથા સ્પેશીફીકેશન વિગતો વિગેરે બરોબર સમજી અમોએ આ ટેન્ડર ભર્યુ છે. એટલે કે તે મુજબ કાંઈપણ વાંધા વગર કામ કરી આપવા બંધાઉ છું અને આ બાબત ની પુરતી સમજુતી મળ્યા ની ખાતરી ટેન્ડર તથા સ્પેશીફીકેશન માં અમોએ સહી કરી આપી છે. તે અમારે કબુલ મંજુર રહી છે.

૪) ઉપરોકત ભાવે આ કામ કરવા મને વર્ક/ઓર્ડર આપવામાં આવશે તો હું આ કામ કરવા બંધાઉ છું. અને જો કોઈ સંજોગોમાં હું આ કામ ન કરુ તો મહાનગરપાલિકામાં આ કામ માટેની ભરપાઈ કરેલ તમામ પ્રકાર ની તમામ ડીપોઝીટ ની રકમ ફોરફીટ કરવા મહાનગરપાલિકા હકકદાર રહેશે અને મ્યુ. કોર્પો અમોને બ્લેક લીસ્ટ કરવા હકકદાર રહેશે.

૫) ટેન્ડર ખોલવાની તારીખ થી છ માસ સુધીમાં મને વર્ક–ઓર્ડર આપવામાં આવશે તો હું ભરેલ ભાવે મહાનગરપાલિકા ના સ્પેશીફીકેશન મુજબ આ કામ કરી આપવા હું બંધાઉ છું.

૬) મહાનગરપાલિકા ના પ્રર્વતમાન નિયત,ધારા – ધોરણ અનુસાર, કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે જરુરી સ્ટેમ્પ પેપર લાવી ધોરણસર નું લખાણ સાથે ડીપોઝીટ–એગ્રીમેન્ટ કરવાના રહેશે. જે અંગેની જરુરી માહિતી મ્યુ.કોર્પો. ના બિલ્ડીંગ વિભાગે થી રૂબરૂ મેળવવાની રહેશે.

૭) સદરહુ કામ ટેન્ડર પ્રમાણે તથા હવે પછી વધારે વિગત વાર કામ બતાવવામાં આવે તે પ્રમાણે તેમની પસદંગી મુજબ બરાબર મજબુત અને સારી કારીગરીમાં લાઈન લેવલમાં કરવાનુ રહેશે.

૮) સદરહુ કામના આઈટમો માં ફેરફાર અથવા કોઈ જથ્થામાં વધારો ઘટાડો કરવો પડે તો તેમ કરવાને કાર્યપાલક ઈજનેર સાહેબ મુખત્યાર છે અને તે પ્રમાણે કોન્ટ્રાક્ટર કંઈ વાંધો લેવાશે નહીં. અગર એવો ફેરફાર અગર વધારો-ઘટાડો ધોરણસર મંજુર થાય ત્યારે તે પ્રમાણે થયેલ કામનું માપ ભરેલા ભાવ મુજબ મજરે આપવામાં આવશે. અગર જરૂર જણાશે તો તેમનો ભાવ શ્રી કમિશ્નર સાહેબ મુકરર કરશે અને તે ઠરાવ છેવટનો ગણાશે.

૯) શ્રી કોન્ટ્રાકટર કોઈ કામ પેટા કોન્ટ્રાકટર ની પાસે થી કરાવાશે નહીં. પરતું તે કામ હોશીંયાર કારીગરોને રોજે રાખી કોન્ટ્રાકટરે કરાવવું પડશે.

૧૦) અગત્યના કામનો કોઈપણ ભાગ ટેન્ડરમાં રહી ગઈ હોય તો પણ તેકોન્ટ્રાકટ માં કરેલ છે. તેમ સમજી બીજા કામની માફક તે મજબુત રીતે સારી કારીગરી થી કરી આપવુ અને તેવાનો ભાવ ઠરાવેલા ભાવ પ્રમાણે આપવામાં આવશે.

૧૧) તમામ કામ ઉપર લખેલી મુદત પ્રમાણે અગર તે અગાઉ પસંદગી ને પાત્ર ઠરે તેવી રીતે બરોબર પુરુ કરવું. ઉપર લખેલી મુદત ઉપરાંત વધારે દિવસ થાય તો પેનલ્ટી પેટે જેટલા દિવસ વધારે થાય તેટલા દરેક દિવસ ના ટેન્ડર રકમ ના ૦.૧ ટકા મુજબ રકમ કોન્ટ્રાકટર મજકુર આપશે પરતું બીજુ વધારે કામ કરાવવું પડે તેવા કામ માટે અરજી કર્યે થી શ્રી કમિશ્નર સાહેબ મુળ કામ અને મુદત ઉપર સુરત રાખી યોગય મુદત વધારી શકાશે આપશે. તથા મુળ કામના ૧૦% સુધી મહત્તમ રકમ કપાણ કરવામાં આવશે.

૧૨) સદરહુ કામમાં વાપરવાનો સામાન ખરાબ માલુમ પડશે તો તે નાપાસ કરવાને શ્રી કાર્યપાલક ઈજનેર મુખત્યાર છે. તેવો સામાન કામના સ્થળ ઉપર થી દુર કરવાની રૂબરૂ સુચના અથવા ૨૪ કલાકની નોટીસ મળ્યે થી કોન્ટ્રાકટર તે દુર કરશે અને દુર નહી કરે તો કોન્ટ્રાકટરે ને ખર્ચે દુર કરાવી શકાશે અને તેનો ખર્ચત્થા જવાબદારી કોન્ટ્રાકટર ના શીરે રહેશે અને તેકોન્ટ્રાકટર ના બીલમાંથી કાપી લેવાહકકદાર રહેશે.

૧૩) સદરહુ કામ માં શ્રી કાર્યપાલક ઈજનેર ને જે કંઈ ખરાબ અગર નબળુ માલુમ પડશે તે તુરત નાપાસ કરવા માં આવશે. તેમજ શ્રી કાર્યપાલક ઈજનેર ત્યાં ન હોય તો તે કામ ખાતે નિમાયેલ અ.મ.ઈ. કે ટા.કી. તે કામ અટકાવી શ્રી કમિશ્નર સાહેબનો તે બાબત હુકમ મેળવશે. કોન્ટ્રાકટરે સારો માલ સામાન વાપરવા વગેરે બાબતો માટે તે કામ ઉપર નિમાયેલા અ.મ.ઈ. કે ટાઈમ કીપરના હુકમ પ્રમાણે કામ કરવાનુ રહેશે.

૧૪) સદરહુ કામ મુદતસર પુરુ થાય તેવી ઝડપથી અને શ્રી કાર્યપાલક ઈજનેર ની પસદંગી મુજબ ચાલતુ જણાશે નહીં તો તેકોન્ટ્રાકટર નું કામ બંધ પાડી દેશે અને રદ ગણાશે અને ત્યારબાદ બીજા માણસ અથવા માણસો થી એ કામ પુરુ કરાવવાને અને જોઈતો સામાન મેળવવાને શ્રી કમિશ્નર સાહેબ તુરત કુલ મુખત્યાર છે અને તેમ કરવામાં જે ખર્ચ થયેલ હશે તેકોન્ટ્રાકટર ની તેની જામીનગીરીમાંથી અથવા તેના પૈસા જમા હોય તેમાંથી શ્રી કમિશ્નર સાહેબ વસુલ કરશે. (અમલ કરતા કલમ નં.: ૧૨ નો બાધ આવશે નહીં)

૧૫) સદરહુ કામ પુરુ થતાં સુધીને માટે જઈતા તમામ સાધનો ઓજાર, રાચ વિગેરે સામાન્ય કોન્ટ્રાકટરે પોતાના તરફથી પુરો પાડવો. ઉપરાંત દરેક જાતના સામાન કે રાચ શ્રી કાર્યપાલક ઈજનેર ની પરવાનગી વગર કામના સ્થળ ઉપર થી ઉઠાવી લઈ જવા નહીં.

૧૬) કોન્ટ્રાકટરે સદરહુ કામ કરવા ઉપર માણસો અથવા માણસ રાખેલા હશે તેમના કોઈની ગેરમાહિતી અગર ગેરચાલ માલુમ પડશે તો તેઓ ને રજા આપવાને શ્રી કાર્યપાલક ઈજનેર કુલ મુખત્યાર છે. ત્યારબાદ સદરહુ માણસ અથવા માણસો ને શ્રી કમિશ્નર સાહેબની પરવાનગી સિવાય પાછા કામ ઉપર રાખી શકાશે નહીં.

૧૭) સદરહુ કામમાં કોઈ ભાગને અથવા સામાનને ગફલતે લઈને અગર હરકોઈ કારણ થી નુકશાન થાય તો કોન્ટેકટરને શીરે છે અને તે દુરસ્ત કરવા વિગેરે માટેનો ખર્ચ થાય તે પોતાના તરફ થી કરશે.

૧૮) આ કામનો કોન્ટ્રાકટર દેવાળું કાઢશે અગર શ્રી કમિશ્નર સાહેબ / શ્રી કાર્યપાલક ઈજનેર ની પસદંગી પ્રમાણે કામ પુરુ કરવાને ના કહે અથવા વિલંબ કરે તો પંદર દિવસની લેખીત નોટીસ આપી તે કોન્ટ્રેકટરને (કલમ ૧૫ નો અમલ કરી) રદ કરવા માટે મ્યુ.કોર્પો. મુખત્યાર છે.

૧૯) કોઈ બાબત ઉપર કંઈ તકરાર પડે તો તે બાબત ઉપર શ્રી કમિશ્નર સાહેબ જે ઠરાવ કરે તે છેવટનો ગણાશે.

૨૦) કોન્ટ્રાકટરે સદરહુ કામ ઉપર રાખેલ મજુરો વિગેરે ને બરાબર રીતે નાણાની ચુકવણી કર્યા બાબત શ્રી કમિશ્નર સાહેબ ને ખાતરી કરાવી આપવી પડશે. તેમ નહીં થયાનું જાહેર થશે તો કોન્ટ્રાકટરને નાણા મળવામાં અટકાયત કરવામાં આવશે.

૨૧) કોન્ટ્રાકટર પોતાના બીલના નાણા લેવાનું મુખત્યારનામું શ્રી કમિશ્નર સાહેબ ની મંજુરી થી આપશે તો પણ જોખમદારી તો કોન્ટ્રાકટર ને શીરે જ રહેશે અને આપેલું મુખત્યારનામું પાછળ થી શ્રી કમિશ્નર સાહેબ ની મંજુરી સિવાય રદ કરાવી કે ફેરવી શકાશે નહીં.

૨૨) આ કોન્ટ્રાકટર અમો કોન્ટ્રાકટર રાખ્યા બાદ સામાનનાં અગર મજુરીના જે કંઈ ભાવો વધઘટ થાય તેને અંગે જો અમે કોઈ જાતની ભાવ વધારી આપવાની માંગણી કરીએ તો તે અમારી રદ બાતલ છે.

૨૩) જે તે કામનો ડીફેકટ લાયેબીલીટી પીરીયડ આ કામ પૂર્ણ થયાની તારીખ **થી ૫ (પાંચ)– વર્ષ** નો રહેશે. કોઈપણ પ્રકાર ની નુકશાની, સેટલમેન્ટ, લીકેજ તથા અન્ય પ્રકાર ની ખામી આ ડીફેકટ લાયેબીલીટી પીરીયડના સમયગાળા દરમિયાન જોવામાં આવશે તો ભાવનગર મહાનગરપાલિકા ની મૌખિક અથવા ટેલિફોનિક અથવા લેખિત કોઈપણ સુચના મળ્યે થી કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે ટુંકા સમય ગાળામાં વ્યવસ્થિત રીપેર કરી સારુ કરી આપવાનું રહેશે. જો ભાવનગર મહાનગરપાલિકા ની સુચનાઓ મુજબની આઈટમો મુજબ કોન્ટ્રાકટર નુકશાનીઓ સુધારવામાં નિષ્ફળ જશે તો ભાવનગર મહાનગરપાલિકા – સદર કામ કોન્ટ્રાકટરના ખર્ચે અને જોખમે અન્ય પાસે રીપેર કરાવી અને થયેલા ખર્ચ ની રકમ વસુલ કરવામાં આવશે.

૨૪) સિકયોરીટી ડીપોઝીટ ની રકમ કોન્ટ્રાકટર હસ્તક નું આખરી કામ પૂર્ણ થયા બાદ ડીફેકટ લાયેબીલીટી પીરીયડ પૂર્ણ થયા બાદ તથા ડીફેકટ લાયેબીલીટી પીરીયડના સમયગાળા દરમિયાન ધ્યાન માં આવેલ કોઈપણ પ્રકાર ની નુકશાની, સેટલમેન્ટ, લીકેજ તથા અન્ય પ્રકાર ની ખામી વ્યવસ્થિત રીપેર કરી સારુ કરી આપ્યા બાદ માંગણી કર્યેથી પરત કરવામાં આવશે.

૨૫) કામની સાઈટ ઉપર જે કાંઈ અકસ્માત કે અનીચ્છીય બનાવ બને તે અંગેની બધી જવાબદારી કોન્ટ્રાકટરની રહે છે.

૨૬) કોન્ટ્રાકટરે પ્રર્વતમાન તમામ મજુર કાયદાઓની જોગવાઈઓ મુજબ અમલ કરવાનો રહેશે.

૨૭) કામ અને મટીરીયલ્સનું સ્પેશીફીકેશન, જો બીજી કોઈ રીતે દર્શાવવામાં ન આવ્યુ હોય તો તે કામ ની આઈટમઅને મટીરીયલ્સ ના પ્રર્વતમાન રીલેવન્ટ આઈ. એસ.સ્પેશીફીકેશન અનુસાર નું ગણવા નું છે.

૨૮) કોઈપણ કારણ બતાવ્યા સિવાય આ ટેન્ડર અથવા તેની કોઈપણ આઈટમ ના એક કરતા વધુ ભાગ કરીને અન્ય કોન્ટ્રાકટર અથવા એજન્સી ને કામ આપી શકશે.

૨૯) બાંધકામ સાઈટ પર કામ કરતા સમયે કોઈપણના જાન–માલને હાની થાય તો તેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. આમ ન બને તે માટે કોન્ટ્રકાટરે સ્વખર્ચે જરુરી યોગ્ય પુર્વ પગલાઓ લઈ તમામ જરુરી યોગ્ય પુરતી વ્યવસ્થા કરવાની રહેશે.

૩૦) કોન્ટ્રાકટરના અનુસંધાનમાં કે તે સિવાયના અથવા કામ કરવાની બાબત માં ઉપસ્થિત થતા તમામ પ્રકારના વાંધાઓ, કોઈપણ પ્રકાર ના મતભેદો કે તકરારો, તે તમામ ને સાંભળવા અને તેનું સમાધાન મ્યુનિ કમિશ્નર ભાવનગર ધ્વારા કરવામાં આવશે.મ્યુનિ કમિશ્નર ભાવનગર, કેવળ એક માત્ર લવાદ રહેશે અને તેના ધ્વારા લેવામાં આવેલ નિર્ણય બન્ને પક્ષ કોન્ટ્રાકટર અને ભાવનગર મહાનગરપાલિકા ને બંધનકર્તા રહેશે. સમય તે આ કોન્ટ્રાકટનું મુળ હાર્દ છે.

૩૧) આપવામાં આવે તે સ્ટ્રકચરલ ડીઝાઈન, માપ સાઈઝ, નકશાઓ, પ્લાન, એલીવેશન, સેકશન મુજબ તમામ કામ કરી આપવાનું છે.

૩૨) આ કામ માટે નિયત થતાં કોન્ટ્રાકટર / એજન્સી, આ કામ માટે ભાવનગર મહાનગરપાલિકાને સીધા જ જવાબદાર છે. અને ભાવનગર મહાનગરપાલિકા તરફ થી સંપૂર્ણ બાંધકામ ની ગુણવત્તા, જથ્થો, નકશા માં ફેરફાર, સ્પેશીફીકેશન અને બાંધકામ કરવા માટેની સાનુકૂળતા, પાણીનો છંટકાવ (કયોરીંગ) અને રોજ રોજના કામ ના સુપરવિઝન બાબત, વખતો વખતના ઓર્ડર્સ મેળવશે.

૩૩) કોન્ટ્રાકટરના મજુર અને કર્મચારીઓ માટે રહેઠાણની જરુરી વ્યવસ્થા કોન્ટ્રાકટરે સ્વખર્ચે અને જોખમે કરવાની રહેશે.

૩૪) આ કામ માટેકોન્ટ્રાકટરે સ્વ ખર્ચે અને જોખમે જરુરી તમામ પ્રકારના પુરતા પ્રમાણમાં સાધનો, સરંજામ, અને સ્કેફોલ્ડીંગ્ઝ તથા બાંધકામ મશીનરી ની વ્યવસ્થા કરવાની છે. તથા સમય મર્યાદામાં કામ પુરુ કરવા માટે તમામ મશીનરી ને સારી કન્ડીશન માં મેઈન્ટેન

કરવાની છે. તમામ મટીરીયલ્સ, સાધનો, સ્કેફોલ્ડસ, અને સામગ્રી બાંધકામ સાઈટ સ્થળે લાવ્યા પછી ભાવનગર મહાનગરપાલિકા ની મંજુરી સિવાય હટાવવાની નથી.

૩૫) **<u>સેલ્સ ટેક્ષ, ઈન્કમ ટેક્ષ, રોયલ્ટી અથવા અન્ય લાગુ પડતા ટેકસીઝ અથવા ઈ.એસ.ઈ. પ્રિમીયમ વિગેરે જો કોઈ લાગુ પડતા હોય તો, તે તમામ કોન્ટ્રાકટર ધ્વારા ભરપાઈ કરવાના રહેશે. અને ભાવનગર મહાનગરપાલિકા આ અંગે નો કોઈ દાવો સાંભળશે નહિં.</u>**

૩૬) કોન્ટ્રાકટર બાંધકામ ના લેવલ તથા બાંધકામ ની ગુણવત્તા અંગેની વ્યવસ્થા ગોઠવશે. તેમજ કોન્ટ્રાકટર તેની ચોકકસાઈ માટે સંપૂર્ણ જવાબદાર ગણાશે. કોન્ટ્રાકટર ધ્વારા કામ ની લાઈન લેવલ તથા કામ શરુ કરવાના પ્રાથમિક તબકકા માટે જરુરી તમામ સાધનો તથા સ્ટાફ ની વ્યવસ્થા કરશે તથા આ માટે કોઈ અલગ નાંણા ભાવનગર મહાનગરપાલિકા ધ્વારા ચુકવવામાં આવશે નહી. સાઈટ કલયરીંગ માટે પણ કોઈ અલગ નાણા ભાવનગર મહાનગરપાલિકા ધ્વારા ચુકવવામાં આવશે નહિં.

૩૭) બાંધકામ માટે વાપરવાનું થતું તમામ પ્રકાર નું મટીરીયલ સારી ગુણવત્તા વાળું તથા પ્રસ્તુત પ્રર્વતમાન આઈ.એસ. સ્ટાન્ડડર્ઝ અનુસારનું અને ભાવનગર મહાનગરપાલિકા ધ્વારા પાસ કરાયેલું હોય તેવું જ ઉપયોગ માં લેવાનું છે.

૩૮) થયેલા કામ અનુસાર ની કોઈ આઈટમ માટે રનીંગ બીલ ધ્વારા રકમ ચુકવણી થવાથી તે કામ અને આઈટમ માન્ય રખાયેલ છે. તેવું માની લેવાનું તથા કામ ની ગુણવત્તા સુધારવાની કોન્ટ્રાકટર ની જવાબદારી માંથી કોઈપણ રીતે મુકતી આપતું નથી.

૩૯) કોઈપણ કામ જેનો ઉપરોકત સ્પેશીફીકેશન માં સમાવેશ થયેલ ન હોય તે કામ બોમ્બે પી. ડબલ્યુ.ડી હેન્ડ બુક અનુસાર કરવાનું છે. અગર તો કમિશ્નર ફરમાવે તે પ્રમાણે કરવાનું છે.

૪૦) કામ કરવાના કલાકો અને દિવસના સવારના ૯.૦૦ થી ૧૮.૦૦ કલાક સુધી પ્રમાણે કામ ચાલુ રાખવાનું છે. તેમજ જાહેર રજા ના દિવસો માં સી.સી. વર્ક કરવાનુ રહેશે નહી અને જો એકસ્ટ્રા સમયમાં કઈપણ કામ કરવાનું ચાલુ રાખવાનું હશે તો તે માટે પ્રથમ સબંધીત સત્તા ની લેખિત મંજુરી મેળવ્યા બાદ કામ ચાલુ રાખવા દેવામાં આવશે.

૪૧) કામ પૂર્ણ થયે સાઈટ તદ્દન કલીયર કરી આપવાની છે.જેની લેખીત માં હકીકત જાહેર માં કરવાની રહેશે.

૪૨) કામ પર સૂચના લેવા માટે કોન્ટ્રાકટરે પોતે જાતે કાયમ હાજર રહેવુ પડશે. અથવા કોઈ જવાબદાર ટેકનીકલી કવોલીફાઈડ માણસે કાયમ હાજર રહેવુ પડશે. અને તેવો માણસ ફરમાન અનુસારકામ નહી કરે તો તેને કામ પરથી રજા આપવામાં આવશે. કોન્ટ્રાકટર તરફથી રોકવામાં આવેલ આ માણસને આપવામાં આવેલ સુચના કોન્ટ્રાકર ને આપ્યા બરાબર ગણાશે.

૪૩) સબંધીત સત્તાના લેખીત હુકમ અને પહેલેથી ભાવ નકકી કરાવ્યા સિવાય કોઈપણ પ્રકારનું "એકસ્ટ્રા કામ" કરવાનું નથી.

૪૪) ચાલુ કામે વખતો વખત સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના નિયમો અનુસાર સિમેન્ટ મોર્ટાર, સિમેન્ટ કોન્ક્રીટ, લોખંડ, ચણતરકામ, તથા સુચવવામાં આવે તે તમામના અત્રેની હાજરીમાં નમુનાઓ લઈ ગેરી અથવા સરકારી કોલેજ અથવા સુચવવામાં આવે તે લેબોરેટરીમાં કોન્ટ્રાકટરે સ્વખર્ચે ટેસ્ટીંગ કરાવી ટેસ્ટીંગ રીપોર્ટસ રજુ કરવાનો રહેશે. તેમજ સુચના મુજબ ના સ્ટેજ વાઈઝ ફોટોગ્રાફ પાડી હાર્ડ કોપી એક સેટ તથા સોફટ કોપી માં આપવા ના રહેશે.

૪૫) કામ ઉપરની સુચનાઓ, સ્પેસીફીકેશન સાથે અસંમત હશો તો પણ તે સુચનાઓ કામ સંતોષકારક રીતે પુરૂ કરવા માટે આપવામાં આવેલ ગણાશે. જો કોઈ કામ સ્પેસીફીકેશનના ભાવાર્થ થી બહાર હોવાનું જણાય તો તુરતજ તે માટે તેમણે સબંધીત સત્તાને લેખીત ખબર આપી દેવાની છે. તે માટે ભાવ ઠરાવી લેવાનો છે. નહી તો પાછળથી એકસ્ટ્રા કામ માટે નો દાવો બીલકુલ ચાલશે નહી.

૪૬) કામનો પ્રોગ્રેસ દરમિયાન નકશામાં ફેરફાર કરવો કે કામમાં વધારો ઘટાડો કરવા, એકસ્ટ્રા આઈટમ કરવા સબંધીત સત્તા મુખત્યાર છે. અને કોન્ટ્રાકટર તે પ્રમાણે કરી આપવા માટે બંધાયેલા છે. જે માટે કોઈ કલેઈમ કે વાંધા અરજી ચાલશે નહી.

૪૭) કામની લાઈન દોરી, લેવલ માટે તમામ સગવડતાઓ ( મેખ, ખીલા, ચુકો, દોરી, ઓળંભા, મેજર ટેપ, કાટખૂણા, ચૂનો વિગેરે) કોન્ટ્રાકટરે આપવાની છે. દરેક મટીરીયલ્સ સારી રીતે રહે તે માટે તથા મટીરીયલ્સ ના સ્ટોરેજ કામ માટે જોઈતા તમામ "શેડ" કોન્ટ્રાકટરે સ્વખર્ચે યોગ્ય રીતે બાંધી આપવાના છે.

૪૮) રેતી, ચુનો, મેટલ, પત્થર, સિમેન્ટ,કોન્ક્રીટ,લોખંડ,મોઝેકટાઈલ્સ વિગેરે કોઈપણ ચીજ નો ટેસ્ટ કરવા જરૂર જણાશે તો તે માટે નો ખર્ચ કોન્ટ્રાકટરને શીરે રહેશે. અને ટેસ્ટનું પરિણામ કહેવામાં આવે તે લેબોરેટરીમાં પાસ કરાવ્યા બાદ વપરાશે. સ્પેસીફીકેશન પ્રમાણેની ફરજો તથા સંતોષકારક કામ બાબત તમામ જવાબદારીમાંથી મુકત થઈ શકતા નથી.

૪૯) ખરાબ કામ કે નબળુ મટીરીયલ્સ કાઢી નાખી ઉપાડી લઈ જવા અથવા તેની દુરસ્તી કરી આપવા માટે ડીફેકટ લાયેબીલીટી પીરીયડ પુરો થતાં સુધી કોન્ટ્રાકટર જવાબદાર રહેશે.

૫૦) સદરહું કામ માટે જે પ્રકારનું મજુરી કામ કરવાનું હોય તે પ્રકારના કામ માટે સારા માં સારા કારીગરો / રોજમદારો રાખી કામ કરવાનું છે. નબળા કારીગરો ને કામ ઉપરથી તુરતજ રજા આપવામાં આવશે.

૫૧) તમામ ઈંટ, ચુનો અને સિમેન્ટ ના કામ ને જરૂર જણાયે સૂચના અપાયે થી બરાબર વીસ દીવસ સુધી પાણીનો છંટકાવ કરવાનો છે. તે માટે પુરતા પ્રમાણમાં પાણી મળી રહે તે રીતે યોગ્ય પાણીની વ્યવસ્થા પોતાના સ્વખર્ચે અને જોખમે કરવાની છે. અને પાઈપ કીબી, પંપ વિગેરે આ કામ માટે ખાસ મજુરો રોકી ને પાણીનો છાંટવા પુરતો બંદોબસ્ત કોન્ટ્રાકટરે પોતાના સ્વખર્ચે અને જોખમે કરવાનો છે. તેમા જરા પણ કચાશ હશે તો કોન્ટ્રાકટર ના ખર્ચે અને જોખમે વિભાગ ધ્વારા બંદોબસ્ત કરાવી લેવામાં આવશે જે માટે નોટીસ પણ આપવામાં આવશે નહી.

૫૨) તમામ રેતી નદીમાં ચાળેલી હશે તો પણ ૬ મીમી ચાળણા માંથી ચાળવી પડશે. અને ઉપરની સાઈઝ કાઢી નાખવી પડશે. પ્લાસ્ટર કામ માટે ૩ મીમી ચાળણા માંથી ચાળેલી ઝીણી રેતી વાપરવાની છે. તમામરેતીચોકખાપાણી થી સારી રીતે ધોઈ ને વાપરવાની છે. ચાલુ કામે જયારે જયારે કામના ઈન્સ્પેકશન માટે માપ લેવા અગર બીજી કોઈ તપાસ માટે તમામ સ્થળે પહોંચી શકાય તે માટે પુરતા સાધનો જેવા કે નીસરણી, પાટીયા વિગેરે તમામની પુરતી વ્યવસ્થા કોન્ટ્રાકટરે કરવાની છે. અને જરૂર પડે નીસરણી ફેરવવા અગર બીજી મુકવા વિગેરે સુચના પ્રમાણે બંદોબસ્ત કરવાનો છે. તેમ નહી કરવામાં આવે તો તેવો બંદોબસ્ત કોન્ટ્રાકટરના ખર્ચે કરાવી લોવમાં આવશે.

૫૩) કોન્ટ્રાકટર/ટેન્ડર ભરનારે સવાલ વાળી બાંધકામની સાઈટની સ્થળ સ્થિતી ની મુલાકાત લઈ જરૂરી અભ્યાસ કરી લેવો.

૫૪) કોન્ટ્રાકટર / ટેન્ડર ભરનારે તેઓની અનુકુળતા અનુસાર આ પોઈંટમાંથી સાઈટ(સ્થળે) જરૂરી અન્ય સ્થળોએ જરૂરી વિજળી અને યોગ્ય પાણીની વિતરણ વ્યવસ્થા સ્વ ખર્ચે અને જોખમે પોતાની રીતે ગોઠવવાની રહેશે. આ બંને સુવિદ્યાના થતો વપરાશના ચાર્જીસ કોન્ટ્રાકટર/ટેન્ડર ભરનારે ભરપાઈ કરી આપવાના રહેશે.

૫૫) કોન્ટ્રાકટમાં આવરી લેવામાં આવેલું તમામ કામ, કોન્ટ્રાકટર/ટેન્ડર ભરનારે સ્વયં બાંધવાનું /અમલ કરવાનો છે. ભાવનગર મહાનગરપાલીકાની લેખિત સંમતી મેળવ્યા સિવાય, કોન્ટ્રાકટર/ ટેન્ડર ભરનારે આ કોન્ટ્રાકટ અથવા તે પૈકીનો કોઈ ભાગ, સીધો અથવા આડકતરી રીતે અન્ય ના નામે ટ્રાન્સફર કે પેટા ફાળવણી કરવાની નથી.

૫૬) કોઈપણ કારણ બતાવ્યા સિવાય આ ટેન્ડર અથવા તેની કોઈપણ આઈટમના એક કરતાં વધુ ભાગ કરીને અન્ય કોન્ટ્રાકટર અથવા એજન્સી ને કામ આપી શકશે.

૫૭) ટેન્ડરની ચકાસણી સમયે, જરૂરી કલેરીફીકેશન ત્થા નેગોસીએશન રૂબરૂ હાજર રહી કરી આપવાનું છે.

૫૮) ભાવનગર મહાનગરપાલીકાની સક્ષમ સતા ને કોઈપણ કારણ બતાવ્યા સિવાય કોઈપણ ટેન્ડર સ્વિકારવા અથવા રદ કરવા અંગેનો અધિકાર અબાધિત રહેશે. અને લોએસ્ટ ભાવનુ ટેન્ડર સ્વિકારવા માટે પણ બંધનકર્તા નથી.

૫૯) કરેલ કામના વચગાળાના બીલની રકમ ત્રીસ દિવસે એકવાર ઓછામાં ઓછી મંજુર રકમના ૧૫ % ની રહેશે.

૬૦) કોઈપણ પ્રકારનુ એડવાન્સ પેમેન્ટ કરવામાં આવશે નહી.

૬૧) એસ્ટીમેટેડ (ટેન્ડર) ની કોઈપણ આઈટમની કવોન્ટીટીના કોઈપણ વેરીએશન સબબ કોઈપણ પ્રકારનો ભાવવધારો આપવામાં આવશે નહી.

૬૨) કોઈપણ પ્રકારના માલ સામાન, મટીરીયલ્સ વગેરેનો કોઈપણ પ્રકારનો ભાવ વધારો આપવામાં આવશે નહી.

૬૩) કોઈપણ પ્રકારની વ્યાજની રકમની માંગણી કરી શકાશે નહી.

૬૪) સામાન્ય રીતે આઈટમોના માપો લેવાની રીત પ્રસ્તૃત આઈ.એસ. કોડ અનુસરની રહેશે. તમામ આઈટમોનું માપ ફાઈનલ વર્કીગ ડ્રોઈગ મુજબ અથવા સ્થળ પર ખરેખર થયેલા કામ મુજબ બન્ને માંથી જે ઓછુ હોય તે ગણત્રીમાં લેવાનુ છે.

૬૫) સરકારશ્રી નાં વખતો વખત નાં બહાર પાડવા માં આવેલ મજુર કામદારોનાં કાયદા ઓ નું ચુસ્ત પણે કોન્ટ્રાકટરશ્રી દવારા અમલ કરવાનું રહે છે.

૬૬) ટેન્ડરમા જણાવેલ બાંધકામો ના સ્થળો પૈકી કોઈ પણ બાંધકામનુ સ્થળ ફેરફાર કરવાનુ થાય તો કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા સુચવવામા આવે તે સ્થળે કોઈ પણ પ્રકારના વાંધા સુચન લીધા વગર બાંધકામ કરી આપવાનુ રહે છે.

૬૭) ટેન્ડરમા જણાવેલ બાંધકામોની યુનીટ સંખ્યામા વધારો કે ઘટાટો કરવાનો થાય તો તે મુજબ અમલ કરવાનો રહેશે. અને જે સુચના આપવામા તેટલા યુનીટનુ બાંધકામ કરી આપવાનુ રહેશે.

૬૮) એજન્સી દ્રારા કામ શરૂ કરતા પહેલા સ્થળ સ્થિતી મુજબના ફોટા ગ્રાફ રજુ કરવાના રહેશે અને ત્યારબાદ જ કામગીરી શરૂ કરવાની રહેશે. વખતો વખત ટેન્ડર માં સમાવેશ થતી આઈટમો ની કામગીરી ના ફોટા ગ્રાફ રજુ કરવાના રહેશે.

૬૯) આ તમામ ભાવમાં જી.એસ.ટી.નો સમાવેશ કરવામાં આવેલ નથી. સરકારશ્રીના નિયમાનુસાર અલગથી જી.એસ.ટી ચુકવવામાં આવશે. વધુમાં એજન્સીને સરકારશ્રીના નિયમનુસાર જી.એસ.ટી.નું ચુકવણું કરવાનું રહશે.

૭૦) સ્થળે એચ.ટી વીજ લાઈન પસાર થતી હોય તો આ માટે વીજ પ્રોટેકશન અંગેની તમામ વ્યવસ્થા કોન્ટ્રાકટરે સ્વખર્ચે કરવાની રહેશે. તેમજ કોઈ અકસ્માત કે જાનહાની થાય તો તે અંગેની તમામ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૭૧) હાલના વેન્ડર લીસ્ટ અને ભવિષ્યમાં જે તે સમયે જયારે ભાવનગર મહાનગરપાલિકા અને સક્ષમ સત્તા વેન્ડરમાં ફેરફાર કરશે તે અધતન વેન્ડર લીસ્ટ માન્ય ગણીને કોન્ટ્રાક્ટરશ્રીએ સાઈટ પર માન્ય મટીરીયલ વપરાશમાં લેવાનું રહેશે તે બાબતે વધારાના ભાવ તફાવત ખર્ચ ચુકવવામાં નહિ આવે.

**૭૨)	કામ શરૂ કરતા પુર્વે કામની વિગતો દર્શાવતુ બોર્ડ કામ પુર્ણ થતા સુધી કોન્ટ્રાકટરે સ્વખર્ચે લગાડી રાખવાનુ રહેશે અન્યથા કોઈ પણ સમયે બોર્ડ લાગેલુ માલુમ નહી પડશે ત્યારે રૂપિયા ૫૦૦૦/– ની પેનલ્ટી લાગુ પડશે.**

૭૩)	ટેન્ડર/એજન્સીએ ટેન્ડર ડોક્યુમેન્ટ સાથે ESIC કોડ/રજીસ્ટ્રેશન ફરજીયાત રજુ કરવાનુ રેહશે, ESIC કોડ/રજીસ્ટ્રેશન સિવાયનુ ટેન્ડર માન્ય ગણાશે નહી.

૭૪)	4.50 KW સુધીનું કાયમી ઈલેક્ટ્રિક મીટર કનેક્શન બી.એમ.સી.ના નામનું લેવા અંગેની તમામ પ્રોસેસ કોન્ટ્રકરશ્રીએ કરવાની રહેશે. ટેસ્ટ રીપોર્ટમાં ઈજનેરશ્રીના સહી સિક્કા કોન્ટ્રકરશ્રીએ કરાવવાના રહેશે. રજીસ્ટ્રેશન ફી તથા ટેસ્ટ રીપોર્ટ ફી કોન્ટ્રકરશ્રીએ ભરવાની રહેશે. તેનું અલગથી ચુકવણું આપવામાં આવશે નહિ. પી.જી.વી.સી.એલના કનેક્શન મેળવવા અંગેની જરૂરી પરવાનગી તમામ પ્રકારની લાઈઝનીંગની કાર્યવાહી કોન્ટ્રકટરના કાર્યક્ષેત્રમાં આવશે. કનેક્શનનું ક્વોટેશન બી.એમ.સી.દ્વારા ભરવામાં આવશે.

- ❖ જરૂર જણાયે ઈલેક્ટ્રિક ઈન્સ્પેકટરશ્રી પાસેથી ટેસ્ટ રીપોર્ટ મેળવવા અંગેની તમામ કામગીરી કોન્ટ્રકટરશ્રીએ કરવાની રહેશે.
- ❖ કોન્ટ્રકરશ્રી દ્વારા કાયમી ઈલેક્ટ્રિક કનેક્શન કામ પૂર્ણ થયાના દિન-૭ પહેલા મળી રહે તે મુજબ જરૂરી તમામ કામગીરી અને લાઈઝનીંગ અગાઉથી કરવાનું રહેશે.
- ❖ ઉપયોગમાં લેવામાં આવનાર ઈલેક્ટ્રિક આઈટમો ધ્યાને લઈ અને ગણતરી કરી લોડ લિસ્ટ વિભાગમાં જમા કરાવવાનું રહેશે.

૭૫)	કોન્ટ્રાકટરશ્રીએ બાંધકામ માં OPC ૫૩ ગ્રેડ સિમેન્ટ વાપરવાની રહેશે.

૭૬) કોન્ટ્રાકટરે ટેન્ડર ભરતા સમયે ઈ.એમ.ડી. અને ટેન્ડર ફી ફક્ત ડી.ડી.(ડિમાન્ડ ડ્રાફ્ટ) રૂપે રજુ કરવાની રહેશે. અન્ય કોઈ માધ્યમથી સ્વીકારવામાં આવશે નહિ.

૭૭) કોન્ટ્રાક્ટર એ "Call before You Dig (Cbud) Mobile Application " માં "Excavators" તરીકે રજીસ્ટ્રેશન ફરજીયાત પણે કરવાનું રહેશે.

૭૮) મહાનગરપાલિકાના વિભાગો દ્વારા શહેરમાં કોઈપણ પ્રકારના ખોદકામ કરતા પહેલા એપ્લીકેશનમાં તે કામગીરી " Inquiry" ફરજીયાતપણે કરવાની રહેશે. ખોદકામ કરતા કોઈ પણ પબ્લિક સર્વિસ પ્રીમાઈસીસને નુકસાન ની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાક્ટર ની રહેશે.

❖ **ઉપરોકત તમામ શરતો નં– ૧ થી ૭૮ અમો એ વાંચી,વંચાવી,સમજી,વિચારીને ટેન્ડરમાં ભાવો ભરેલ છે જે મને / અમને કબુલ મંજુર છે અને તે મુજબ અમો કામ કરવા બંધાઈએ છીએ.**

**કોન્ટ્રાકટરની સહી** ________________________________________________ .

**કોન્ટ્રાકટરનું નામ** ________________________________________________ .

**કોન્ટ્રાકટરનો સિક્કો**		**તારીખ**